# પાટણના દૈવી મંદિરો

પ્રો. ડૉ. હરેશ કે. પંચાલ
ઈતિહાસ વિભાગ
નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

ગુજરાતનો યશસ્વીકાળ ચાવડા, સોલંકી અને વાઘેલાઓનો સમયગાળો ગણાય છે અને આ સમયમાં ગુજરાતમાં અનેક મંદિરો, દેરાસરો, મહાલયો, વાવો, કુંડો, ધર્મશાળાઓ વગેરે બાંધવામાં આવ્યા હતા. આવા બાંધકામો વિસનગર, વડનગર, સિધ્ધપુર, મોઢેરા, આસાવલ, કપડવંજ, મોડાસપટ્ટક, પ્રહલાદનગર, પાટણ વગેરે શહેરોમાં જોવા મળે છે.

વિક્રમ સંવત ૮૦૨ માં રાજા જય શિખરીના પૂત્ર વનરાજ ચાવડાએ સરસ્વતી નદીના કિનારે અણહિલપુર પાટણની સ્થાપના કરી. તે અણહિલપુર પાટણના વર્ષો સુધી ગુજરાતની રાજધાની રહ્યુ તથા સંસ્કાર અને સંસ્કૃતિનું ધામ બનવા પામ્યું. સમસ્ત ભારત વર્ષમાં અણહિલપુર પાટણને તે સમયમાં વિધા અને કલાના કેન્દ્ર તરીકે ઓળખવામાં આવતું. ચાવડાઓના સમયથીમાંડીને સોલંકી, વાઘેલા સમયમાં દેરાસરો, વાવો, મંદિરો, ધર્મશાળાઓ, કુંડો વેગેરે બાંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિક્ષણના ક્ષેત્રે ધર્મશાળાઓ મંદિરની સાથે બાંધવામાં આવતા.[૧]

પાટણને શરૂઆતથી જ ધાર્મિક વારસો મળ્યો છે. પાટણમાં અલગ અલગ ધર્મ સંપ્રદાયની પ્રજા વસે છે અને તેમની ધાર્મિક લાગણીને પોષતા લગભગ ૩૦૦ થી વધારે નાના – મોટા મંદિરો પાટણમાં જોવા મળે છે. આથી જ પાટણનગરીને મંદિરોની નગરી તરીકે ઓળખવામાં આવે છે.

પાટણમાં લાખેશ્વર મહાદેવ (લાખુખાડ) લોટેશ્વર મહાદેવ, લાલેશ્વર મહાદેવનું મંદિર (સાગોડિયા) ગુપ્તેશ્વર મંદિર, ભદ્રકાલી માતાનું મંદિર, મહાલક્ષ્મી માતાનું મંદિર, સિંધવાઈ માતાનું મંદિર (ગણપતિ પોળ) વગેરે અનેક મંદિરો આવેલા છે. તેમાંના બે મંદિરનો પરિચય તથા વિશેષ અહેવાલ આ પ્રમાણે છે.

## શ્રી ભદ્રકાલી માતાનું મંદિર (કાલિકા મંદિર):

આ મંદિર લગભગ ૧૦૦૦ વર્ષ પૂર્વ સિધ્ધરાજના સમયમાં બંધાવ્યું હોય તેવી લોકોકિત છે. મહાકાળી મા રાજા સિધ્ધરાજના કુળદેવી હતા તે સમયે પાવગઢમાં મહાકાળી મા નું સ્થાનક હતુ. સિધ્ધરાજને વારંવાર દર્શનાર્થે રાજય છોડી જવુ પડતું. આથી સિધ્ધરાજે પોતાની અથાગ સાધના દ્વરા માતાજીને પ્રસન્ન કર્યા અને જૂના રાજગઢીના કિલ્લામાં માતાજીને સ્થાપિત કર્યા તે જગ્યા કાલિકા મંદિર તરીકે ઓળખાય છે. સિધ્ધરાજે પોતાના ગઢનું રક્ષણ કરવા ભદ્રકાળી માતાની સ્થાપના કરી. તેને 'ગઢ મહાકાળી' તરીકે પણ ઓળખવામાં આવે છે.[૨]

મંદિર આગળથી ખુલ્લું પ્રાંગણ તથા અગાસી બંધ ગર્ભગૃહ ધરાવે છે. ખુલ્લા પ્રાંગણમાં હવનકુંડની રચના કરેલ છે. મંદિરમાં ભદ્રકાળી માતાની સાથે–સાથે ગણપતિ, વિષ્ણુ, સૂર્યનારાયણ તથા બીજા પ્રાચીન દેવદેવીઓના પથ્થરની મૂર્તિઓ આવેલ છે. ભદ્રકાળી માતાની મસ્તક ભાગ ધરાવતી પ્રતિમા છે. આ પ્રતિમા પર સિંદુરનું લેપન છે. બાજુમાં ભદ્રકાળી માતાની પલાંઠી વાળી બેઠેલી સફેદ આરસની મુર્તિ જોવા મળે છે.

આ મંદિરમાં ચેત્ર તથા આસો મહિનામાં નવરાત્રીના તેહવારો ધામધૂમથી ઊજવાય છે. આસો સુદ – ૮ નો હવન થાય છે. પલ્લી ભરાય છે. ધનતેરસથી લાભપાંચમ સુધીના દિવાળીના તહેવારો ઊજવાય છે અને લોકો દર્શનાર્થે આવે છે.

આ મહાકાળી માતા અત્યંત ચમત્કારિક હોવાનું મનાય છે. ઘણા લોકો અહીં દર રવિવારે શ્રધ્ધાપૂવર્ક દશૃને આવે છે.

પટ્ટણી ભાઈઓની ''અનોખી કોર્ટ'' આ માતાજીની છે. અહીં દર્શન કરી તેમની શ્રધ્ધામાં વધારો કરે છે. પાટણના પટ્ટણી જાતિના લોકોના કુળદેવી તરીકે આ માતાજીને ગણવામાં આવે છે. આ જ્ઞાતિના લોકો પોતાના લડાઈ, ઝઘડા, કુટુંબના ઝઘડા, શંકા, કુશંકા વગેરેના નિવારણ માટે કોર્ટ–કચેરી જવાને બદલે માતાના મંદિરે આવે છે. માતાના મંદિરના આગળના ભાગમાં દાણા જોવે છે અને આ દ્વારા (વેણ વધાવો) જે જવાબ માતાજી ઓ તેને માન્ય રાખે છે. આ ઉપરાંત બિમારી દૂર કરવા પણ દાણા જોઈને બિમારી દૂર કરવાના ઉપાયો કરે છે. તે આ માતાજીની કોર્ટની વિશેષતા છે. આ મંદિરની મુલાકાતે ગુજરાતમાંથી અને બહાર વસતા ઘણા લોકો આવે છે. આ પ્રાચીન મંદિર ઐતિહાસિક સહસ્ત્રલિંગ જવાના રસ્તા પર આવે છે. અમદાવાદ વસ્યું ત્યારે પાટણની જેમ અમદાવાદનું રક્ષણ કરવા ભદ્રનો કિલ્લો બનાવી અહીં પણ ભદ્રકાલી માતાને બિરાજમાન કરવામાં આવ્યા છે.[૩]

**શ્રી મહાલક્ષ્મી માતાનું મંદિર:**

આ સૃષ્ટિમાં આવેલ સર્વ દેવી–દેવતાઓમાં મહાલક્ષ્મી મુખ્ય માનવામાં આવે છે. પાટણમાં મહાલક્ષ્મી માતાની પોળમાં પૂર્વાભિમુખ પ્રવેશ દ્વાર ધરાવતું મહાલક્ષ્મી માતાનું પ્રાચીન મંદિર આવેલ છે. અણહિલપુર પાટણનું પતન થતાં હાલનું મંદિર પાટણમાં રૂપમાં સૌકામાં બંધાયું હોવાનું મનાય છે. ત્યારબાદ વિક્રમ સંવત ૧૮૮૮ ગાયકવાડ સરકારના મરાઠા અમલદાર સરદાર વિઠ્ઠલરાવે તેનું સમારકામ કરાવ્યું.[૪]

પ્રાચીન મહાલક્ષ્મી માતાના હાલના મંદિરનો જીર્ણોધ્ધાર અને પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિક્રમ સંવત ૨૦૪૨ ના વૈશાખ વદ–૫ ને બુધવાર તા. ૧૪–૦૫–૮૬ ના રોજ થયો હતો. મંદિરમાં બિરાજમાન પ્રતિમા વિક્રમ સંવત ૧૨૦૩માં શ્રીમાળી બ્રાહ્મણો, શ્રીમાળથી લાવ્યાનું માનવામાં આવે છે. હાલમાં પણ શ્રીમાળી બ્રાહ્મણો અને શ્રીમાળી સોનીઓના કુટુંબો રહે છે. મહાલક્ષ્મી માતાની મુર્તિના બંને હાથમાં કમળો છે. અને

નીચેના ભાગમાં સમુદ્ર મંથનનું શિલ્પ બનાવ્યું છે. સફેદ આરસમાંથી બનેલ આ મૂર્તિ આશરે ચાર ફુટ ઊંચાઈ ધરાવે છે.[૫]

મહાલક્ષ્મી માતાના મંદિરમાં જમણી બાજુએ શ્રી નારાયણ ભગવાનની કાળા આરસની ઊભી વિષ્ણુ સ્વરૂપની મૂર્તિ છે. જયારે ડાબી બાજુએ અંબાજી માતાની આરસની મૂર્તિ છે. સૂર્યદેવની કાષ્ટમાંથી બનાવેલ મૂર્તિ પણ જોવા મળે છે.[૬]

ફાગણ સુદ પાંચમના દિવસે માતાજીને વર્ષગાંઠ ઊજવાય છે અને આસો સુદ નોમનો માતાજીનો હવન થાય છે અને રાત્રે પલ્લી ભરાય છે. દશેરાના દિવસે ખંડ ભરાય છે. દિવાળીના તહેવારોમાં અહીંનું વાતાવરણ મેળા જેવું હોય છે. ચોપડા પૂજન પછી શહેરના વેપારીઓ મોટી સંખ્યામાં દર્શન કરવા આવે છે. અને દર્શન કરી શ્રી અને સિધ્ધીની પ્રાપ્તિ માટે માતાજીને પ્રાર્થના કરે છે.[૭]

આમ પાટણના અનેક દેવી–દેવતાના મંદિરો આવેલ છે અને દરેક મંદિર પોતાની વિશિષ્ટ મહત્વ ધરાવે છે. પાટણના સર્વ દેવી–દેવતાઓને મારા કોટિ કોટિ વંદન...

## પાદનોંધ

(૧) અણહિલપુર પાટણની અસ્મિતા "પ્રા.મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય", પ્રકાશક વિક્રમ સંવત ૨૦૫૩, પૃષ્ઠ નં.૧૨

(૨) પ્રબંધોમાં પાટણ "પ્રા.મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય", પ્રકાશક પ્રો.સંજય એમ.વકીલ, વર્ષ ૧૯૯૬ પૃષ્ઠ નં.૧૩

(૩) પાટણના બે કિર્તી મંદિરો, રાણકીવાવ અને સહસ્ત્રલિંગ સરોવર, "પ્રા.મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય", પ્રકાશક પ્રો.સંજય એમ.વકીલ, વર્ષ ૧૯૯૬ પૃષ્ઠ નં.૧૫

(૪) મારું ગામ પાટણ "પ્રા.મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય", પ્રકાશક પ્રો.સંજય એમ.વકીલ, વર્ષ ૨૦૦૫, પૃષ્ઠ નં.૧૩

(૫) પાટણની અસ્મિતા (Millennium History of Patan) સંપાદક જય એન્ડ શાહ એન્ડ રાજેન્દ્ર એન.શાહ પ્રકાશક, પાટણ જૈન મંડળ, વર્ષ ૨૦૦૧ પૃષ્ઠ ૨૪

(૬) પાટણ દર્શન, લેખક મન્સુખભાઈ સ્વામી વર્ષ ૧૯૯૯ પૃષ્ઠ ૧૫

(૭) રૂબરૂ મુલાકાત, ભદ્રકાળી મંદિરના પુજારી